**પાણી**

જીવનનો દરેક સારા નરસા પ્રસંગો જેવા કે લગ્ન,વાસ્તુ,જનોઈ,મરણ,શ્રાધ્ધ,યજ્ઞ, કથા જેવા તમામ પ્રસંગોએ તેની વિધિમાં 'પાણી' મુકીને પ્રતિજ્ઞા લેવી પડે છે કે પ્રભુને શ્રધ્ધા અપર્ણ કરવી પડે છે. મુત્યુ સમયે માનવીના મુખમાં ગંગાજળ મુકાય છે. ગંગા,યમુના,નર્મદા વિ.ના સ્નાન કરવાથી પાપ મુકત બનીએ, તેમ પુરાણો કહે છે. આ 'પાણી' ઉપર કહેવતો, પંકિતોઓ, દુહાઓ કહેવાયેલા છે. તેમાની કેટલીક કહેવતો અત્રે આપવા કોશિષ કરી છે.

(૧) પાણી પહેલા પાળ બાંધવી(અગનચેતી)
(૨) પાણી ઉતારવુ (હરાવવુ)
(૩) પાણી ગુમાવવુ(ઢીલુ પાડવુ)
(૪) મોમા પાણી આવવુ(ખાવાની ઈચ્છા)
(૫) આંખે પાણી આવવુ(રોવુ)
(૬)પાણીપાણી કરવુ(ખુશ કરવુ)
(૭) પાણી ચઢાવવુ (જુસ્સો ચઢાવવા)
(૮) પાણી છાંટવુ (શાંત પાડવુ)
(૯) પાણી છોડાવવુ (ઢીલા પાડવા)
(૧૦) પાણી છુટવુ (બીક લાગવી)
(૧૧) પાણી પારખવુ(શકિત માપવી
(૧૨) પાણીમાં જવુ(વેડફવુ)
(૧૩) પાણી પાવુ (ઉશ્કેરવુ)
(૧૪) પાણી પીને ઘર પુછવુ(કર્યા પછી વિચારવુ)
(૧૫) પાણી ફેરવવુ (નકામુ બનાવવુ)
(૧૬) પાણી મુકવુ (પ્રતિજ્ઞા લેવી)
(૧૭) પાણીએ મગ ચડાવવા (કામ પતાવવુ)
(૧૮) પાણીથીએ પાતળુ (અત્યંત નાજુક)
(૧૯) પાણીના રેલાની જેમ (ઝપાટા બંધ)
(૨૦) પાણીના મુલે (મફતના ભાવે)
(૨૧) પાણીના પરપોટા જેવુ(ક્ષણભંગુર)
(૨૨) પાણીમાં ઉતારવુ(મુશ્કેલીમાં મુકવુ)
(૨૩) પાણીમાં બેસી જવુ(ગભરાઈ જવુ)
(૨૪) પાણીમાં બોળવુ (કામ બગાડવુ)
(૨૫) પાણીમાં મુઠી ભરવી(નકામો પ્રયાસ કરવો)
(૨૬) પાણીચુ પર પરખાવવુ(કાઢી મુકવુ)
(૨૭) પાણી પોચા થવુ ( નરમ બનવુ)
(૨૮) પાણી બદલવુ (સ્થાનાંતર કરવુ)
(૨૯) પાણી પેઠે રાહ જોવી (આતુરતા)
(૩૯) પાણી એજ પરમેશ્વર પાણી ઉપર અનેક પુસ્તકો,કવિતાઓ,લેખો,લખાયા છે,લખાશેં અને આવી કહેવતો પણ હશે, પરંતુ હેતુ એજ છે પાણીની અગત્યતા સમજવાનો બસ, પાણીની અગત્યતા સમજીએ એટલા પાણીદાર આપણે બનીએ તો

રમેશ ભંડેરી,એવરેસ્ટ ગ્રુપ ભાડ

માનવ ને આજ ચેકડેમની યાદ આવી
ચોમાસુ આવ્યુ ને વરસાદ થયો
પુર આવ્યા અને વહી ગયા છે,
ખારા સમુદ્ર માં ભળી ગયા છે
ત્યારે તારી યાદ આવી.......માનવને આજ
પાતાળ પાણી ઉતરી ગાય છે,
પાક બધા સુકાઈ ગયા છે
ત્યારે તારી યાદ આવી......માનવને આજ
પીવાના પાણી રહયા નથી
શોધવા પાણી મળતા નથી
ત્યારે તારી યાદ આવી.....માનવને આજ
પાણી માટે વલખી રહયા છે
પાણી હવે દોહયલા બન્યા છે
ત્યારે તારી યાદ આવી .....માનવને આજ
માનવને આજ ચેકડેમની યાદ આવી

**સરવૈયા જયંતિ સીઆરટીઆઈ દામનગર**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521**
**Date Of Issue1st of month**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨) ૨૩૫૨૫, ૨૫૧૫૭, ૨૫૧૯૮
E-mail hard@ad1.vsnl.net.in

**પાણી બચાવો,સંકટ ટાળો**

**ચુલા વિતરણ કાર્યક્રમ**

તા. ૨૬/૧/૨૦૦૧ ના રોજ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા ઉર્જા વિકાસ એજન્સી વડોદરાએ બનાવેલ પોર્ટેબલ ચુલાનુ વિતરણ હરિજન વાસ દેવળિયા મુકામે રાખવામાં આવેલ. તથા ઉપસ્થિત બહેનોને ઉર્જા બચત તેમજ ચુલા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયા, બીપીનભાઈ જોષી, ધર્મેન્દ્રભાઈ મહેતા, મમતા ગૌસ્વામી તથા સામાજીક ન્યાય કેન્દ્રના કો –ઓર્ડીનેટર અરવિંદભાઈ ખુમાણ વિ. હાજર રહયા હતા.

**યુવતિ વિકાસ કેન્દ્ર દ્વારા જુથ કાઉન્સેલીંગ**

તા. ૯/૨/૨૦૦૧ ના રોજ અમરેલી તાલુકાના ઈશ્વરીયા મુકામે યુવતિ વિકાસ કેન્દ્ર દ્વારા જુથ કાઉન્સેલીંગ તથા કુટુંબ સલાહ કેન્દ્ર દ્વારા મહિલા મીટીંગ રાખવામાં આવેલ. આ મીટીગમાં બહેનોને આરોગ્ય, સમાજમાં સ્ત્રીઓનુ સ્થાન વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ તથા બહેનોને લગતા પ્રશ્નોનું સ્થળ પર નિરાકણર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુટુંબ સલાહ કેન્દ્રના શ્રીમતિ કંચનબેન વાગડીયા, રેખાબેન દોંગા, યુવતિ વિકાસ કેન્દ્રના કો – ઓર્ડીનેટરવિજયાબેન કુકવાવ તથા મમતા ગૌસ્વામીએ ઉપસ્થિત રહી ૬૦ બહેનોને માર્ગદર્શન આપ્યુ હતુ.

**સરદાર આવાસ યોજના**

સંસ્થા દ્વારા ધારી તથા બગસરા તાલુકાના કુલ ૪ ગામોમાં સરદાર આવાસ યોજના હેઠળ કામગીરી હાથ ધરેલ છે. તથા આ કાર્યક્રમને વેગ આપવા સંસ્થાના સાથી મિત્રો દ્વારા પ્રયત્ન થયેલ છે.

સ્વસહાય જુથ દ્વારા ભૂકંપપીડીત સહાય

તા.૧૧/૨/૨૦૦૧ ના રોજ સંસ્થા દ્વારા ચાલતા ખાંભા તાલુકાના ભાડ મુકામે શ્રી રામ મહિલા બચત મંડળની એક બેઠક મળી. જેમાંદરેક સભ્યની બચત ભેગી કરેલ કુલ બચત ૮૩૨૦/– હતી. તેમજ વ્યાજના ૫૫૪ રૂા. હતા. આ બચતમાંથી મંડળની બહેનોએ ૩૦૦રૂા. ભૂજમાં થયેલ ભૂકંપમાં દાન પેટે આપેલ તેમજ ૧૦૦રૂા. ગાયોને પાણીની અવેડી બનાવવા આપેલ અને ૩૨૦રૂા. જે સભ્ય ગરીબ હોય અને હપ્તો ભરી શકે તેમ નથી તે માટે સભ્યનો હપ્તો ભરેલ છે.

**સીબીસીએસ**

કોમ્યુનીટી બેઈઝ કન્વર્ઝન સર્વિસ યોજના હેઠળ સંસ્થા દ્વારા તા.૨૭/૨/૨૦૦૧ ના રોજ ખાંભા તાલુકાના ભાડ મુકામે આર્થિક પ્રવૃતિ કરવા માંગતી બહેનોનુ એક સંમેલન યોજાય ગયુ. આ કાર્યક્રમનુ આયોજન સ્વસહાય જુથના સભ્યો દ્વારા કરવામાં આવેલ છે.

**ભાવિપેઢીનુ આરોગ્ય સાચવીએ......**દેશમાં આર્થિક અને ઔદ્યાગિક પ્રગતિની સાથે તેના સૌથી વધુ વિપરીત પરિણામો માનવ આરોગ્ય ઉપર જોવા મળ્યા છે. એકંદરે માણસ વધુને વધુ રોગી બનતો જાય છે તેનુ મુખ્ય કારણ પ્રદૂષણ અને પોષણનો અભાવ છે. આ બાબતમાં જો જાગૃત ન બનાય તો ભાવિ પેઢી માટે જોખમરૂપ છે.આજના ગામડાઓ પહેલાના જેવા ગોકળીયા ગામ રહયા નથી જયા ઘી દૂધની નદીઓ વહેતી તેવી ઉપમાં અપાતી, ત્યાં હાલમાં ગામડામાં શુધ્ધ ઘી કે દૂધ તો શું પણ શુધ્ધ પાણી પણ મળતુ નથી. આનાથી સૌથી વધારે બાળકો અને યુવાનોના સ્વાસ્થ્યને નુકસાન થાય છે. આ માટે જો યોગ્ય કાળજી લેવામાં નહી આવે તો ભાવિ પેઢી શારીરીક રીતે દુર્બળ રહેશે જેના પરિણામે માનસિક ક્ષમતા પણ ઘટશે. ગામડાઓમાં બાળ કો અને યુવાનોનુ આરોગ્ય ઘણુ જ કથળતુ જાય છે જેથી ઘરડાઓ ઘણીવાર મશકરી કરે છે કે અમારા જમાનામાં જે રીતે ખાધુ પીધુ છે તેથી અમે આટલુ જીવી શકયા છીએ, ગામડાઓમાં જંતુ નાશક દવાઓને લીધે પ્રદુષણ વધ્યુ છે. આથી હવા પાણી ચાખ્ખા મળતા નથી. અધુરામાં પુરુ ગામડાઓમાંથી ડેરીમાં દૂધ જાય છે તો ઘણીવાર પોષણના અભાવે નાના બાળકોમાં બિમારીનં પ્રમાણ વધ્યુ છે. અને મોંઘી દવા ખવડાવી સાજા કરવા પડે છે.ગામડાના યુવાનો પણ ગુટકા, પાન, મસાલા, બીડી, સિગારેટ અને અન્ય વ્યસનોના ભાોગ બન્યા છે જે શારીરીક અને માનસીક બન્ને પ્રકારના આરોગ્યને પાયમાલી નોતરશે તેમે શંકા નથી.આપણી કરૂણતા એ છે કે આપણે આર્થિક પ્રગતિની પાછળ આંધળી દોટ મૂકીને બાળકો અને યુવાનોના આરોગ્ય તરફ દૂરલક્ષ્ય સેવીએ છીએ. યુવાનોમાં રમત ગમત, વ્યાયામ, યોગાસન જેવી આરોગ્યદાયક પ્રવૃતિઓ બંધ થઈ ગઈ છે. તેને બદલે ટેલિવિઝન અને ટેપરેકોર્ડરના મનોરંજન દ્વારા બેઠાડુ જીવન બન્યુ છે જેથી આજના યુવાનો પણ નાના ઉમરે મોટા રોગના શિકાર બન્યા છે.આજે આર્થિક સંપતિને બદલે બાળકોની આરોગ્ય સંપતિ વધે તે માટે ઉચ્ચ પ્રકારનુ પોષણ મળે તેવો આહાર, શરીર કસાયેલુ બને તેઓ વ્યાયામ અને પરિશ્રમ કરાવે તેવી પ્રવૃતિઓ કરાવવી જોઈએ. ટુંકમાં નાના બાળકોને ઉતમ ખોરાક આપવો જોઈએ. આશા રાખીએ કે ભાવિ પેઢીને સ્વાસ્થ્યસમૃધ્ધિ આપવા માટે સૌ જાગૃત બને. **દયા સેંજલીયા, બંસીધર મહિલા બચત મંડળ, રબારીકા**

**જો પાણી જાય એળે તો દુઃખ આવે આપ મેળે**

**પંચાયત માહિતી કેન્દ્રનુ ઉદઘાટન**

પ્રજાસતાકદિન અને માહિલા પંચાયત વિકાસ કેન્દ્રનુ મહત્વ વધારવા મહિલા સ્વરજ અભિયાનઅમદાવાદ અને આશરા સંસ્થાન પંચમહાલ સંસ્થાએ પંચાયત મહિલા માહિતી કેન્દ્રનુ ઉદઘાટન તા. ૨૬/૧/૨૦૦૧ ના રોજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી વિજયભાઈના વરદ હસ્તે મોરવા તાલુકા પંચાયત પર કરવામાં આવ્યુ હતે. તેમજ તાલુકા પંચાયત તરફથી એક ઓરડો અપર્ણ કરવામાં આવ્યો છે તથા આરએફઓશ્રી રાઠોડ સાહેબે ફર્નિચર આપવા સમંતિ આપી હતી.

**ભૂકંપગ્રસ્તો માટે આવાસ**

ગુજરાતના વિનાશકારી ભૂકંપથી જાનહાની થઈ છે. પણ તેથી વધુ આવાસો ધરાશયી થયા છે. સરકારી અને સ્વૈચ્છિક સંગઠનો લાંબાગાળાની નીતિના ભાગરૂપે આવાસો તૈયાર કરશે તેવી સંભાવના છે. પરંતુ તે પહેલા કામ ચલાઉ આવાસોની મોટી આવશ્વક ઉભી થઈ હોય ગુજરાત કૃષિ યુનિવસિર્ટી, રોટરી કલબ્સ ઓફ બરોડા અને વડોદરાની સ્વૈચ્છિક સંસ્થા સી.આર.સી. તથા સામાન્ય આશ્રમના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીના પ્રાંગણમાં આવાસો નિમાર્ણનુ કામ થશે.રૂા.૮૫૦/ જેવી નજીવી કિમંતે તૈયાર થતા આ આવાસમાં ૬ થી ૮ વાસ અને પ્લાસ્ટીક સીટનો ઉપયોગ થયો છે અને જે તે કુટુંબ પોતાના જુના આવાસના કાટમાળ નુ મટીરીયલ વાપરી પાર્ટીશનવોલ કરે તેવી અપેક્ષા છે. આ પ્રકારના ટ્રાંઝિક શેઈડ વડોદરાથી મોકલવામાં આવશે. ભૂકંપગ્રસ્તો માટેનુ આવાસ કૃષિ યુનિવર્સિટીના મોડેલ ફાર્મ જયોતિ સર્કલ પાસે એલેબિક વિસ્તારમાં નિદર્શન કરવામાં આવેલ છે.

**નર્મદા પાણી અંગે બેઠક**

તા. ૧૦/૨/૨૦૦૧ ના રોજ સેન્ટર ફોર સોશ્યલ સ્ટડી સુરત, સેન્ટર ફોરરૂરલ કેર વડોદરા તથા શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર અમરેલી, સર્વોદય આશ્રમ બાબપુરના સહયોગથી બાબાપુરમુકામે બહેનોની એક બેઠકનુ આયોજન નર્મદાના પાણી અંગે કરવામાં આવેલ. ગામમાં પાંચ છ દિવસે પાણી આવે છે બાળકો તથા પુરૂષો પણ પાણી ભરવામાં મદદ કરે છે. પાણી ક્ષારવાળુ છે એટલે ઘર વપરાશ માટે તથા ન્હાવા ધોવા માટે કરવામાં આવે છે. આ પાણીથી રસોઈ કાળી પડી જાય છે, ચા ફાટી જાય છે, કઠોળ દાળ બરાબર ચડતા નથી, કપડામાંથી સાબુ જલ્દી નિકળતો નથી આવી અનેક ફરિયાદો ગામની બહેનોએ કરી હતી. આ બેઠક પહેલા સંસ્થાના સાથી મિત્રોએ બાબપુર ગામનો સર્વે કરી બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. તથા લાઠી તાલુકાના દુધાળા બાઈ ગામે આ કાર્યક્રમ માટે સંસ્થાના સાથી મિત્રો દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**સૌરાષ્ટ્ર મૈત્રી મંચ**

તા. ૨૧/૧૨૦૦૧ ના રોજ સારાષ્ટ્ર મૈત્રી મંચ દ્વારા સતત બીજા દુષ્કાળ વચ્ચે કઠીન સમય વિતાવી રહેલ સૌરાષ્ટે કચ્છની જનતાને ખપ પુરતુ પાણી, જરૂરતમંદોને કામ અને પશુઓને પુરતો ચારો મળી રહે તે સંબધે સૌરાષ્ટ્ર મૈત્રી મંચનુ અધિવેશન રાજકોટ ખાતે ઉપરોકત તારીખે યોજાય ગયુ.

**વિદાય સમારોહ**

તા. ૧૫/૨/૨૦૦૧ ના રોજ મોટા ગોખરવાળા શેઠ કે.એસ.જનતા હાઈસ્કુલના ઉપક્રમે પ્રતિભા સંપન્ન વ્યકિતઓના સન્માન સમારોહ, વાલી સંમેલન અને ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં સર્વોદય અગ્રણીશ્રી ગુણવંતરાય પુરોહિત, શિક્ષણપ્રેમી ડો. મોતીભાઈ પટેલ, ડો.મનોજભાઈ જોષી, ત્રંબકભાઈ દોશી, એમ.જી. જોષી, જે.ટી.જોષી, શાસ્ત્રી દેવ વલ્લભદાસજી, ડો. ચંદ્રિકાબેન લાઠીયા, સુરેશભાઈ નાકરાણી, અજિતસિહ ગોહિલ, પ્રવિણભાઈ મીયાણી, અશોકભાઈ સુખડીયા, જયસુખભાઈ કયાડા, ગોવિંદભાઈ ટીંબડીયા, ચાંપરાજભાઈ ધાંધલ, નટુભાઈ વાળા, ધનસુખભાઈ ઠાકર, રમેશભાઈ નાકરાણી, સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયા વિ. ને સ્મૃતિ ચિન્હ આપી સન્માનીત કરવામાં આવેલ. શાળાના વિદ્યાર્થીગણ દ્વારા વિદાયપ્રવચન તથા વિદાયગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય ડો.દુષ્યંત મહેતા તથા અન્ય શિક્ષકગણ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

**ભૂકંપગ્રસ્ત વિસ્તારો માટે આવાસની યોજના બેઠક**

તા. ૨૨/૨/૨૦૦૧ ના રોજ મા. મંત્રીશ્રી જસપાલ સિંગ સાથે સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠક ગાંધીનગર ખાતે બોલાવવામાં આવેલ. જેમાં ભુકંપગ્રસ્ત વિસ્તારોમાં આશરે એક લાદ મકાનો બનાવવાના તેમજ એક મકાનની કોસ્ટ રૂા. ૪૦,૦૦૦ નકકી કરવામાં આવેલ. દરેક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિચુિલા વિતરણધઓએ સંમતિ દર્શાવી હતી. આ બેઠકમાં સંસ્થાના એન્જીનીયરશ્રી મુળજીભાઈ બગડા ઉપસ્થિત રહયા હતા.

**જો પાણી જાય એળે તો દુઃખ આવે આપ મેળે**

# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ :૩ અંક : ૧ ફેબ્રુઆરી, ૨૦૦૧



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા


## આંચકા ઉપર આંચકો

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ પ્રજાસતાક દિનનો ઉમંગ મરશીયામાં ફેરવાય ગયો. ભૂકંપથી થયેલ તારાજીની ભયાનકતાએ સૌ કોઈને વિહવળ બનાવી દીધા.આપણા કાળજા કંપી ગયા હજુ કાળજાની કંપન ચાલુ છે.

આપણા હજારો બાંધવો મૃત્યુ પામ્યા લાખો બેઘર બન્યા આવી સ્થિતિમાં આંચકા ઉપર આંચકા ત્યાર લાગે જયારે લગ્ન સમારંભ ભવ્યતાથી ઉજવાય, ફટાકડાના ધુમાડા થાય, શણગારેલી ગાડીઓની હાર જાન લઈને નિકળે કેવુ લાગે ? એક તરફ ઘરમાંથી કોઈએ ભાઈ, બહેન,મા,બાપ, પુત્રો ગામાવ્યા છે ત્યારે આ જોઈને એમ લાગે કે માનવતાનુ મૃત્યુ થયુ છે. ભોજન સમારંભ રદ થયા, લગ્નમાં આર્શીવાદ મોકલાવજો અને તમારો ચાંદલો રાહત ફંડમાં મોકલાવજો તેવી જાહેરાત જોઈને દિલને એમ થાય કયાંક માનવતા જીવી રહી છે.

સ્વૈચ્છિક સંસ્થાોઓ તથા સરકારીતંત્ર રાહત કાર્યમાં લાગી થયુ, અમરેલી કમાણી ફોરવર્ડ હાઈસ્કુલના આચાર્યશ્રી સી.એન. જોષી તથા બીપીનભાઈ જોષી અને અન્ય શિક્ષકોએ કઈક કરવાનુ વિચાર્યુ વિદ્યાર્થી ભાઈ બહેનો નગરમાં ઘરે ઘરે ફર્યા અને રૂા.૩૫૦૦/ ભેગા કર્યા. દરમ્યાન બાબપુર ગામે નર્મદાના પાણી અંગેની મીટીગમાં ધીરૂભાઈ, વિદ્યુતભાઈ જોષી, નાનકભાઈ ભટ, ગુણવંતભાઈ પુરોહિતના સાનિધ્યમાં ભેગા થયા ત્યારે આ ભંડોળનો સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકાના ઓડુ ગામે ઉપયોગમાં લેવાનુ વિચાર્યુ. તા.૧૭/૨/૨૦01 ના રોજ ધીરૂભાઈ,બીપીનભાઈ, પ્રો.જયંતીભાઈ તળાવીયા,NNSના પ્રોગ્રામ ઓફીસરશ્રી ઈલાણી,NNS ના વિદ્યાર્થીઓ ઓડુ ગામે ગયા.શરૂઆતમાં ગ્રામસભા થઈ. જેમાં જાણવા મળ્યુ કે, લોકો નિરક્ષર છે, ગરીબ છે, પણ સંસ્કારી છે. તેઓ કોઈ ફરીયાદ કરતા નથી તેઓ કહે છે ક. અમારા હાથ મજુરી કરવા ટેવાયેલા છે માંગવા માટે નહી પરંતુ કુદરતે અમને લાચાર બનાવ્યા છે અમારો કંઈક ગુનો હશે તો જ દુષ્કાળ ધરતીકંપ થાય અને અમે સૌ બેઘર બનીએ. શ્રી બીપીનભાઈ અને શ્રી ધીરૂભાઈએ ઓડુ ગામ પ્રત્યે ફોરવર્ડ ટ્રસ્ટ તથા શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રની લાગણી ગ્રામજનોને સમજાવી. સૌએ તેમની મુશ્કેલીઓ સાંભળી તેમને સાંત્વન આપ્યુ. ૩૦ જેટલા જરૂરીયાત મંદોને ટેન્ટો ઉભા કરી આપવામાં આવ્યા. છાત્રોએ ઘરે ઘરે ફરીને ગામના લોકોની માહિતીઓ એકત્ર કરી. ત્યારે એમ લાગ્યુ કે કોઈ પણ સર્વે ટીમ કરતા બાળકો ખૂબ જ સારૂ કરી રહયા છે.

ગામમાં લગભગ ૬૦૦ ઘર પડયા છે માત્ર ૩૦ ટેન્ટ ફાળવવાના હતા છતા કોઈ ખેચાખેચી નહી, બોલાચાલી નહી અભણ પ્રજા છે પરંતુ સંસ્કારી છે, મદદ માંગતી નથી, ગામમાં કેટલાક ઘરમાં ધાન નથી છતા ગામલોકોએ અમોને જમાડવાનો આગ્રહ રાખ્યો તેઓને માંડ સમજાવ્યા અને જણાવ્યુ કે જમવાનુ અમારી સાથે છે તમે તકલીફ રહેવા દો રણમાં આવેલા અગરની મંલાકાત લીધી. અગરીયાઓની સાથે ધીરૂભાઈએ વાતચીત કરી મજુરી અને કેટલીક બાબતોની પુછપરછ કરી, એક મીઠાની ગુણની મજુરી પાંચ રૂપિયા જેમાં પાંચ મણ મીઠુ હોય છે. અગરીયાઓના હાથ પગની ચામડી તરડાઈ ગઈ છે, પગમાં ગુમડા થયા છે, આંખોમાં વેદના છે, તેઓની પેઢી દર પેઢી માત્ર મજુરી જ કરે છે શું મજુરીનો ધંધો તેના બાળકોના બાળકો પણ કરશે ? આ કેવી સમાજ વ્યવસ્થા ? અગરીયાના બાળકોના અભ્યાસ માટે ત્યારે 'ગણતર' ની શાળા ચાલે છે, સારો પ્રયત્ન છે. ત્યાં દૂર દૂર સુધી વસ્તી નથી, દિશાઓ સમજાતી નથી તેથી જ તે લોકો દિશાવિહિન રહી ગયા છે તેમના આરોગ્ય તેમની અન્ય મુશ્કેલીઓનુ શુ થતુ હશે ?

તા. ૨૬/૧/૨૦૦૧ ના દિવસની સાંજથી શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રનો સ્ટાફ રાહત કામગીરીમાં લાગી ગયો તાત્કાલિક ફૂડ પેકેટસ મોલવાની વ્યવસ્થા થઈ ગઈ. મુળજીભાઈ ભૂજ પહોંચી ગયા. નિહારીકાબેન ધાંગધ્રા પહોંચ્યા, પુનમબેન કથુરીયા (સ્વાતિ), શ્રી નાનકભાઈ ભટ્ટ(સેન્ટર ફોર રૂરલ કેર વડોદરા) સુરેશભાઈ ગણાત્રા(એસઈડીસી) જેવી વ્યકિતઓ તા. ૨૬ જાન્યુ. પછી પગવાળીને બેઠા નથી. તેઓને એક જ ચિંતા છે રાહતની કામગીરી કો ઝડપી અને સરળ બનાવવી અને કંઈ જગ્યાએ રાહત મોકલવી. જયા સુધી આવી સ્વૈચ્છિક સંસ્થાઓ નિષ્ઠાપૂર્વક કામ કરતી રહેશે ત્યા સુધી આપણામાં આપતિનો સામનો કરવાની હિમંત રહેશે.

**શુધ્ધ રાખો વાણી,બચાવો વહેતું પાણી**